# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

**પરિપત્ર નં. ૧૩૪ તા. ૩-૧-૧૭**

ફકત મ્યુનિ. શાળાઓ માટે જ :-

વિષયઃ- સરકારી મુદ્રણાલય, રાજકોટ ખાતેથી પ્રસિદ્ધ થતા ગેઝેટ પાર્ટ-રમાં નામ/અટકની પ્રસિદ્ધિ અંગે માર્ગદર્શક સૂચનાઓ.

સંદર્ભઃ- ૧. ઉદ્યોગ અને ખાણ વિભાગ,તા.૧૧-૦૫-૨૦૧૬ના પત્ર ક્રમાંક મલસ/ ૧૦૨૦૦૯/ ૫૯૨૮૦૯/ ડ.૨

૨. નિયામક,સરકારી મુદ્રણ અને લેખન સામગ્રીના તા.૬-૧૧-૧૫ના પત્ર ક્રમાંક : ૫તક / ૪/ ૨૦૧૫/૧૬/૨૦૩૪.

આથી તમામ મ્યુનિ.શાળાના મુખ્ય શિક્ષકશ્રીઓને ઉપરોક્ત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવામાં આવે છે કે સરકારી પ્રેસ ખાતે ગેઝેટ પ્રસિદ્ધ કરવા અંગે ઉપર વંચાણે લીધેલ પત્ર ક્રમાંક (૧) સામેના તા.૧૧-૫-૧૧ના નામ,અટક બદલવા અંગેનાં ફોર્મની નોટીસ ઉદ્યોગ અને ખાણ વિભાગના તા.૧૧-૫-૧૧ના પત્રથી આપેલ મંજૂરી મુજબ સરકારશ્રીની સ્થાયી સૂચના અનુસાર અરજદારની રજૂઆત મુજબનું નામ ગેઝેટમાં પ્રસિદ્ધ કરવામાં આવેલ છે. આ સાથે સામેલ ઉદ્યોગ અને ખાણ વિભાગ, તા.૧૧-૫-૧૬ના પત્ર ક્રમાંક મલસ/ ૧૦૨૦૦૯/ ૫૯૨૮૦૯/ ડ.૨ મુજબ અનુકરણ કરવા જણાવવામાં આવે છે.

તા.૩-૧-૧૭

ડૉ. એલ.ડી.દેસાઈ
શાસનાધિકારી

ક્રમાંક......
શાખા......
૨૫ ...

સરકારી મુદ્રણાલય, રાજકોટ ખાતેથી પ્રસિધ્ધ થતા ગેઝેટ પાર્ટ-૨માં નામ/અટકની પ્રસિધ્ધિ અંગે માર્ગદર્શક સૂચનાઓ...

ગુજરાત સરકાર
ઠરાવ ક્રમાંક:મદસ/૨૦૧૬/૨૦૫/ક.ર
ઉદ્યોગ અને ખાણ વિભાગ
સચિવાલય,ગાંધીનગર.
તા.૧૯/૧૧/૨૦૧૬

વંચાણે લીધા:

(૧) ઉદ્યોગ અને ખાણ વિભાગના તા.૧૧/૦૫/૨૦૧૧ના પત્ર ક્રમાંક: મદસ/૧૦૨૦૦૯/૫૯૨૮૦૯/ક.ર

(૨) નિયામક, સરકારી મુદ્રણ અને લેખન સામગ્રીના તા.૬/૧૧/૨૦૧૫ના પત્ર ક્રમાંક:પતક/૪/૨૦૧૫/૧૬/૨૦૩૪

**પ્રસ્તાવના:**

સરકારી પ્રેસ ખાતે ગેઝેટ પ્રસિધ્ધ કરવા અંગે ઉપર વંચાણે લીધેલ પત્ર ક્રમાંક(૧) સામેના તા.૧૧/૦૫/૨૦૧૧ના નામ, અટક બદલવા અંગેના ફોર્મની નોટીસ ઉદ્યોગ અને ખાણ વિભાગના તા.૧૧/૦૫/૨૦૧૧ના પત્રથી આપેલ મંજૂરી મુજબ સરકારશ્રીની સ્થાયી સૂચના અનુસાર અરજદારની રજૂઆત મુજબનું નામ ગેઝેટમાં પ્રસિધ્ધ કરવા અંગેની સૂચનાઓ પ્રસિધ્ધ કરવામાં આવેલ છે. નામ/અટક પ્રસિધ્ધિના જટિલ અને ગૂંચવડાભર્યા કેસોમાં ચોક્કસ નીતિ/સૂચનાઓ ન હોઇ ઘણા બધા કેસોમાં અરજીઓનો અસ્વીકાર કરવો પડે છે, સાથોસાથ અરજદારો દ્વારા મનીઓર્ડરની મોકલાવેલ ફીની રકમ પરત મોકલવા અંગે લાંબી પ્રક્રિયામાંથી પસાર થવું પડે છે અને વહીવટી કામગીરી વધે છે. આથી સરકારી ગેઝેટમાં નામ પ્રસિધ્ધ કરવા અંગે ચોક્કસ નીતિ/સૂચનાઓ નક્કી કરવી જરૂરી હતી.

પ્રજાભિમુખ અને સરળ વહીવટની દિશામાં મુશ્કેલીઓના નિવારણ માટે ઉપર વંચાણે લીધેલ ક્રમ (૨) સામેની નિયામક, સરકારી મુદ્રણ અને લેખન સામગ્રીના તા.૬/૧૧/૨૦૧૫ના પત્રથી રજૂ કરેલ સૂચનો અને મહારાષ્ટ્ર સરકારશ્રીના ગેઝેટમાં પ્રસિધ્ધની પધ્ધતિ ધ્યાને લઇ તેમજ જે તે વ્યકિતના સોગંદનામાને આધારે માત્ર નામની પ્રસિધ્ધિ થતી હોઇ, કોઇ કાયદાકિય અધિકાર ઉભો થતો નથી તે ધ્યાને લઇ અરજદારોને સંતોષ આપી શકાય તેમજ સમય અને માનવ કલાકો અને નાણાંનો બચાવ થઇ શકે તે માટે ચોક્કસ નીતિ પ્રસિધ્ધ કરવાની બાબત સરકારશ્રીની સક્રિય વિચારણા હેઠળ હતી.

**ઠરાવ:**

પુખ્ત વિચારણાના અંતે, વ્યકિતગત ધોરણે તેઓના સોગંદનામાના આધારે જે તે વ્યકિતના નામ/અટકની પ્રસિધ્ધિ (મહારાષ્ટ્ર સરકારની પધ્ધતિ મુજબ) કરવાનું આથી ઠરાવવામાં આવે છે. આ સંદર્ભમાં નિયામક, સરકારી મુદ્રણ અને લેખન સામગ્રીની કચેરીએ નીચે મુજબની કાર્યવાહી કરવાની રહેશે.

૧. દક્ષિણના તથા અન્ય રાજ્યોની રૂઢી કે નામાભિધાન/વ્યકિતગત આઇ.ડી. અલગ હોઇ અરજદારે રજૂ કરેલ સોગંદનામું તેમજ સરકારી આધારો રજૂ કરેથી નામની પ્રસિધ્ધિ આપવામાં સરકારની કોઇ જવાબદારી રહેતી ન હોઇ, આવા નામની પ્રસિધ્ધિ મહારાષ્ટ્ર સરકારના ગેઝેટમાં સૂચવાયા મુજબ, પ્રસિધ્ધિ આપી શકાશે. જેમાં વ્યકિતગત જે તે અરજદારની જવાબદારી રહેશે પરંતુ તેને કોઇ કાનૂની પીઠબળ મળશે નહીં.

અરજદારના લગ્નને ૩૦-૪૦ વર્ષનો એટલે કે લાંબો સમયગાળો વીતી ગયેલ હોય અને લગ્નપત્રિકા અપ્રાપ્ય હોય તેવા કિસ્સામાં સરકારી રેકર્ડ જેવા કે રેશન કાર્ડ/ચૂંટણી કાર્ડ/પાન કાર્ડ/આધાર કાર્ડમાં સંબંધિત નામનો ઉલ્લેખ દર્શાવેલ હોય તેવા કિસ્સામાં પતિ અને પત્નીના સોગંદનામા અને સરકારી આધારોને ધ્યાને લઇ નામની પ્રસિધ્ધિ આપી શકાશે.

અરજદાર દ્વારા સોગંદનામામાં નામ/અટક સંબંધી સૂચવેલ ફેરફારને પ્રસિધ્ધ કરવામાં કોઇ વાંધો નથી, જેમાં કોર્ટ દ્વારા અપાયેલ ડાયવોર્સ-ડીડ અને પુનઃલગ્નના આધાર તેમજ માતા અને પિતાના સોગંદનામાના આધારે બાળકોના નામ

.. પાન-૨

પાછળ પિતાના નામ/અટક બદલીનો ફેરફાર પ્રસિધ્ધ કરી શકાશે. આવી પ્રસિધ્ધિ અંગેની જવાબદારી જે તે વ્યક્તિની રહેશે, પરંતુ તેને કોઇ કાનૂની પીઠબળ મળશે નહી.

૪. બાળકના નામ પાછળ માતાનું નામ પ્રસિધ્ધ કરવા બાબતે નામદાર ગુજરાત હાઇકોર્ટના વિવિધ ચૂકાદાને આધીન છુટાછેડાના કિસ્સામાં બાળકનો કબજો કાયદેસર રીતે માતા પાસે હોય તેવા કિસ્સામાં બાળક અને માતાના એફીડેવીટના આધારે બાળકના નામ પાછળ માતાનું નામ/અટકને પ્રસિધ્ધિ આપી શકાશે.

૫. દત્તક વિધાનમાં કાયદાકિય ગૂંચ તેમજ વારસાઇ અને મિલકતને લગતી બાબતો હોઇ હિન્દુ દત્તક વિધાન અને ભરણપોષણ અધિનિયમ, ૧૯૫૬ અન્વયે અદ્યતન જોગવાઇ/સુધારા મુજબનું દત્તક વિધાન રજૂ કરેથી નામમાં ફેરફારને પ્રસિધ્ધિ આપી શકાશે.

૬. નામ/અટક બદલી અંગેની ભરેલ રકમ નોન-રીફંડેબલ રહેશે.

૭. ગેઝેટમાં નામ પ્રસિધ્ધ કરવા અંગે સંપૂર્ણ જવાબદારી અરજદારની રહેશે.

૮. નામ/અટક અંગેની પ્રસિધ્ધિઓ માટે દરેક ગેઝેટમાં નીચે મુજબ નોંધ પ્રકાશિત કરવાની રહેશે.

"Government accepts no responsibility as to the authenticity of the contents of the notice since they are based entirely on the application/affidavit of the concerned persons without verification of documents"

આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર આ બાબતમાં કાયદા વિભાગ સાથે પરામર્શ કરવામાં આવેલ છે તથા સરખા ક્રમાંકની ફાઈલ પરની સામાન્ય વહીવટ વિભાગની તા.૨૪/૧૦/૨૦૧૬ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે આ સૂચનાઓ પ્રસિધ્ધ કરવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(મહેન્દ્ર આર. સોની)
નાયબ સચિવ
ઉદ્યોગ અને ખાણ વિભાગ

પ્રતિ

૨૮૧

8 DEC 2016
ક-શાખા
૪૯૫૨

શેરો

પત્ર ક્ર.પરચ/૧૩૨૦૧૬/૩૯૫૪૯/વ-૨
શિક્ષણ વિભાગ
સચિવાલય,ગાંધીનગર
તા:૧ /૧૨/૨૦૧૬

પ્રતિ,

નકલ જાણ અને જરૂરી કાર્યવાહી સારૂ રવાના-
શિક્ષણ વિભાગ હસ્તકના સર્વે ખાતાના વડાઓ તરફ નકલ જરૂરી કાર્યવાહી સારૂ રવાના

આપનો વિશ્વાસુ,

(એમ.બી.શાહ)
સેક્શન અધિકારી (સં)
શિક્ષણ વિભાગ

ક્રમાંક: પ્રાશિનિ/નીતિ/૨૦૧૬/૬/ ૯૨૯૩-૯૩૭૫
પ્રાથમિક શિક્ષણ નિયામકની કચેરી,
બ્લોક નં.૧૨/૧, ડો.જીવરાજ મહેતા ભવન,
ગુ.રા.ગાંધીનગર તા. ૯/૧૨/૨૦૧૬

૨/- નકલ રવાના જાણ તથા ઉદ્યોગ અને ખાણ વિભાગના ઉક્ત પરિપત્ર પરત્વે જરૂરી કાર્યવાહી સારૂ.

નાયબ શિક્ષણ નિયામક
ગુ.રા.ગાંધીનગર